પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકોની ઓન-લાઇન
સિસ્ટમથી બદલી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૪/૩૫૭૨૨૭/ક    30 JUN 2014
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ-

30 JUN 2014

વંચાણમાં લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા. ૨૩/૫/૨૦૧૨
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા. ૭/૯/૧૩
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૫/૧૧/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક-ટીઆરઇએફ/૧૦૯૮/૧૪૩૨/ગ-૨
(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ તરફથી મળેલ સીંગલ ફાઇલ ક્રમાંક-પ્રાનિનિ/નીતિ/૨૦૧૪/ક/૨૨

**આ મુ ખ ::-**

શિક્ષણ વિભાગના તારીખ-૨૩/૫/૧૨ના ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૨/૩૧૪૭૭૬/ક અને તે પછી વખતો વખતમાં ઠરાવ અન્વયે પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકની બદલીઓ અંગેની નિયમો નકકી કરવામાં આવેલ છે. આ નિયમોના પ્રકરણ-ક(૧) સામે બદલીઓના પ્રકારના સામે આંતરિક માંગણીથી બદલીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ આંતરિક માંગણીથી બદલીઓમાં પારદર્શિતા લાવવાના હેતુથી આ બદલીઓ માટેની અરજીઓ ઓન લાઇન મંગાવી તેના આધારે કોમ્પ્યુટરાઇઝ સીસ્ટમથી એક સોફટવેર ધ્વારા બદલીઓ કરવાની બાબત વિચારણામાં હતી.

**ઠ રા વ :-**

પુખ્ત વિચારણાના અંતે જીલ્લાની આંતરિક બદલીઓ ચાલુ વર્ષે અર્થાત ૨૦૧૪ ના વર્ષમાં પ્રાયોગીક ધોરણે (ઓન પાયલોટ બેઇઝીઝ) ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા અને પોરબંદર એમ ચાર જીલ્લામાં નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસાર સોફટવેર મારફતે કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જે તે જીલ્લાની તાલુકાવાર ખાલી જગ્યાવાળી શાળાઓની યાદી પ્રાથમિક વિભાગ અને ઉચ્ચ પ્રાથમિક વિભાગવાર માહિતી તૈયાર કરી સોફટવેરમાં એન્ટર કરવાની રહેશે. ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિષયવાર જગ્યાઓ દર્શાવવાની રહેશે. (૧.ભાષ,૨.ગણિત-વિજ્ઞાન, ૩. સામાજીક વિજ્ઞાન)
(૨) સંબંધીત જીલ્લા ધ્વારા આંતરીક બદલી કરાવવા ઇચ્છતા પ્રાથમિક શિક્ષક/વિધાસહયાકો ઓન-ઇલઇન અરજી કરવા માટે દૈનિક પત્રોમાં જાહેરાત આપવ.
(૩) જે પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકો આંતરિક બદલી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સૂચવેલ વેબ-સાઇટ પર માંગેલ વિગતો ભરી ઓન-લાઇન અરજી સબમીટ કરવાની રહેશે.
(૪) સબમીટ થયેલ અરજીની બે પ્રિન્ટ કાઢી કચેરીની નકલ સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જરુરી આધાર-પુરાવા જોડીને રજુ કરવાની રહેશે.
(૫) સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જરુરી આધાર-પુરાવાની ચકાસણી કરી અરજી મળયા અંગેની પહોંચ સંબંધિત પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકને આપવાની રહેશે. ત્યારબાદ જરુરી રીમાર્કસ કરીને તમામ અરજીઓ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપવાની રહેશે.
(૬) સંબંધીત જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિારીને આપેલ પોતાના જીલ્લાના લોગીનમાં જઇ આવેલ તમામ અરજીઓ અંગે ખરાઇ કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) ઉપર મુજબની કામગીરી પુર્ણ થયા બાદ કમ્પ્યુટર સોફટવેર ધ્વારા નિયમોનુસાર બદલીપાત્ર સંબંધીત પ્રાથમિક શિક્ષકો/વિધાસહાયકોના બદલી ઓર્ડર તૈયાર થશે.

(૮) બદલી માટે અરજી કરેલ અને નિયમોનુસાર બદલી પાત્ર થતાં પ્રાથમિક શિક્ષકો/વિધાસહાયકોએ વેબ-સાઇટ પરથી બદલી ઓર્ડરની પ્રિન્ટ જાતે મેળવી લેવાની રહેશે.

(૯) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ બદલીના હુકમોની પ્રિન્ટ નકલો મેળવવાની રહેશે. અને ફાઇલે રાખવાની રહેશે.

(૧૦) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સમગ્ર બદલીના હુકમો પ્રિન્ટ કરી ફાઇલે રાખવાના રહેશે.

(૧૧) ઓન-લાઇન બદલી પ્રક્રિયામાં કોઇપણ વહીવટી કે ટેકનીકલ ક્ષતિ ઉભી થાય તો તેનો આખરી નિર્ણય પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ લેવાનો રહેશે

(૧૨) કમ્પ્યુટરાઇઝ્ડ બદલી હુકમમાં જે તે જીલ્લાના જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની પ્રિન્ટ થયેલ સહી માન્ય ગણાશે.

(૧૩) બદલી હુકમો અમલ કરતાં પુર્વે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસે બદલી હુકમની ખરાઇ કરાવી બદલી હુકમ ઉપર તેઓની સહી કરાવવાની રહેશે. તાલુકા પ્રામથમિક શિક્ષણાધિકારીએ ખરાઇ કર્યા સિવાયના બદલી હુકમ માન્ય રહેશે નહીં.

(૧૪) આ ચાર જીલ્લા સિવાયના જીલ્લાઓમાં કેમ્પ કરીને બદલીઓ કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિલેશ ત્રિવેદી )
નાયબસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથ./ઉચ્ચ.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(પ્રા.શિ.), શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારુ રવાના
- સિલેકટ ફાઇલ/ નાયબ સેકરન અધિકારી સિલેકટ ફાઇલ.